# શ્રી શત્રુંજય - મુક્તિ સમ્યગ્જ્ઞાન અભ્યાસક્રમ

સા વિદ્યા યા વિમુક્તયે

વ્દિતીય વર્ષ અભ્યાસક્રમ-૩

અગસ્ત

## પ્રશ્ન પત્ર

ગુણાંક ૧૦૦

**સુચના** (૧) નામ અને એનરોલમેન્ટ નંબર વિનાનો પેપર રદ્દ કરવામાં આવશે. (૨) લાલ પેનનો ઉપયોગ કરવો નહીં. (૩) જવાબ પેપર માંજ ખાના માં જવાબ લખવાનો છે સાથે બીજો પેપર જોડવાનો નથી. (૪) ન સમજાય એવા અક્ષરોવાળા જવાબ તપાસવામાં આવશે નહીં. (૫) જવાબ પત્ર દરેક મહિનાની તા. ૫ થી તા. ૨૫ સુધીમાં મોકલાવાના રહેશે. આગળ-પાછળ આવેલા પેપર તપાસવામાં આવશે નહીં. (૬) બધા જવાબો અભ્યાસક્રમના આધારે જ લખવાના છે. (૭) જે મહિના ના પ્રશ્ન પત્ર છે તે પછી ના મહિના ની ૨૫ તા. સુધી તમારા ગુણાંક તેમજ સાચા ઉત્તર ઇન્ટરનેટ ઉપર આપવા માં આવશે એના પછી આવેલા ઉત્તરપત્ર સ્વીકારાશે નહીં. તેમજ એના માટે ફોન ઉપર જવાબ આપવા માં આવશે નહીં. (૮) ઉત્તર પત્ર માં આભ્યાસક્રમ નું નંબર લખવુ જરૂરી છે.

**પ્રશ્ન- ૧ ખાલી જગ્યા પુરો.** ૨૦

૧. વિજ્ઞાનના સિદ્ધાંતો પ્રયોગોને આધારિત છે જ્યારે જૈન ધર્મના સિદ્ધાંતો.................. ભગવંતોના કહેલા છે.
૨. અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવના મનના ભાવોને જાણે તે ..................... કહેવાય છે.
૩. અગ્નિભૂતિના મનમાં....................... ની શંકા બહુ પ્રબળ રીતે કોરાઈ ગઈ હતી.
૪. સ્ત્રીએ કહેલી છાની વાત બીજાને કહેવી તે....................... નામે અતિચાર છે.
૫. ધર્મવંત પ્રાણીઓનું જાગવું અને પાપી પ્રાણીઓનું ઉઘવું ..................... હોય છે.
૬. મતિજ્ઞાન વિગેરે ચાયાર જ્ઞાન.................... ભાવના છે.
૭. દ્રવ્ય સ્નાન શ્રાવકે........................ માટે જ કરવું જોઈએ.
૮. ધીરે ધીરે ઘટતું જાય તે હિયમાન અને એક સાથે ચાલ્યું જાય તે ..................... જાણવું.
૯. સત્ય સદા-સર્વદા-સર્વત્ર.......................... હોય છે.
૧૦. દર્શનાવરણીય કર્મ............................ જેવું છે.
૧૧. આકાશ, વાયુ, અગ્નિ તત્વમાં નિદ્રા વિચ્છેદ થાય તો ..................... જાણવું.
૧૨. પરિધિને વ્યાસના 'પા' ભાગ વડે ગણવાથી ગોળવસ્તુનું ................... આવે છે.
૧૩. ગાય આદિ ચતુષ્પદ વિષે જુઠું બોલવું તે ..................... છે.
૧૪. દ્વેષ એટલે ક્રોધ, માન, ઇર્ષ્યા વિષાદથી ઉત્પન્ન થયેલ સ્વપ્ન તે.................... કહેવાય છે.
૧૫. ભાગ પાડનારી સંખ્યાને....................... કહેવાય છે.
૧૬. દ્રવ્યસ્નાન કર્યા પછી જો ભાવસ્નાનનું લક્ષ્ય ચુકી જઈએ તો .......................... ન પામી શકીએ.
૧૭. અદત્તાદાન વિરમણવ્રતનો બીજો અતિચાર............................ છે.
૧૮. સૂર્યોદય સમયે સ્વપ્ન જોયું હોય તો .......................... ફળ આપે છે.
૧૯. વિભંગજ્ઞાન મિથ્યાત્વીને જ હોય તેથી તે .................... છે.
૨૦. જે મારા અધિકાર કે હક્કનું નથી એના ઉપર મારી સત્તા જમાવીશ તે ........................ છે.

**પ્રશ્ન- ૨ એક શબ્દમાં જવાબ લખો -** ૧૫

૧. દુર્ગતિનો દૂત કોણ છે ?
૨. શ્રુત જ્ઞાનના સૂક્ષ્માતી સૂક્ષ્મ અવિભાજ્ય અંશને શું કહેવાય ?
૩. જંબુદ્વીપ કોના જેવો ગોળ છે ?
૪. રતિ-અરતિ રૂપ અંધકારથી રહિત કયા ભગવાન છે ?
૫. દાંતની પીઠીકા કઈ આંગળીથી ઘસવી જોઈએ ?
૬. અસત્ય શેના ખજાનારૂપ છે ?
૭. જેના આશ્રયથી કર્મરૂપી મેલ ધોવાય તેને શું કહેવાય ?
૮. બારમું અંગ કયું છે ?
૯. સારો માલ દેખાડી હલકો માલ આપે તો કયો અતિચાર લાગે ?
૧૦. દાતણ કેટલું જાડું હોવું જોઈએ ?
૧૧. અગ્નિભૂતિની નિર્વાણ ભૂમિ કઈ છે ?
૧૨. શૃંખલાથી બંધાયેલા દીપક સમાન કયુ અવધિ જ્ઞાન છે ?
૧૩. તત્વની વિચારણા કરવા પાડેલા વિભાગોને શું કહેવાય ?
૧૪. અશુભ સ્વપ્ન આવે તો તરત શું કરવું ?
૧૫. શાંતિનાથ ભ. શેના ભંડાર રૂપ છે ?

**પ્રશ્ન - ૩ નીચે આપેલા શબ્દો ના અર્થ લખો.** ૧૦

૧) નિદ્દા ૨) કોસતિગ ૩) દિસઉ ૪) જાઈ ૫) પડિવાઈ ૬) ઉસ્સાસ ૭) નિચિઅં ૮) પજ્જય ૯) મહિઅં ૧૦) વિત્તિ
૧૧) ભુવિજ ૧૨) સેયા ૧૩) અજ્જવ ૧૪) ભયણીએ ૧૫) મમ ૧૬) વિમગ્ગહ ૧૭) અભિગ્ગહા ૧૮) રિઉમઈ
૧૯) જ્ઞાનવૃક્ષ્યં ૨૦) ભુયગ

**પ્રશ્ન- ૪ જોડક જોડો ( ફકત બી ) નું નંબર લખો.** ૧૦

| એ | બી | એ | બી |
|---|---|---|---|
| ૧) પરિધિ | ૧) ભવપ્રત્યયિક અવધિજ્ઞાન | ૬) નારક | ૬) દૃષ્ટિવાદ |
| ૨) મૃષાવાદ | ૨) રાજા-રંક | ૭) પૂર્વ | ૭) પરિચય |
| ૩) અસાધારણ | ૩) વસ્તુ | ૮) અસત્ય | ૮) અવિશ્વાસ |
| ૪) કારણીક દોષ | ૪) છઃ | ૯) માગધિક | ૯) કેવળજ્ઞાન |
| ૫) કર્મ | ૫) એપ્રિલ ફૂલ | ૧૦) ચુલિકા | ૧૦) અનર્થદંડ |

**પ્રશ્ન-૫ નીચે ના પ્રશ્નોના જવાબ સંખ્યામાં લખો.** ૧૦

૧. અગ્નિભૂતિએ કેટલા દિવસની સંલેષણા કરી ?
૨. એક ગાઉના ધનુષ્ય કેટલા ?
૩. આ અભ્યાસક્રમમાં જ્ઞાનના કુલ કેટલા ભેદનું વર્ણન છે ?
૪. માર્ગણાના ઉત્તર ભેદ કેટલા છે ?
૫. આ અભ્યાસક્રમમાં અજિત-શાંતિ પ્રભુનો મહિમા જણાવતી કેટલી ગાથા છે ?
૬. આચારાંગ સૂત્રનું માન કેટલા પદનું છે ?
૭. દાતણ કેટલી આંગળીની લંબાઈવાળું હોવું જોઈએ ?
૮. અગ્નિભૂતિનો દીક્ષા પર્યાય કેટલા વરસનો હતો ?
૯. કુલ પ્રાભૃત કેટલા છે ?
૧૦. જંબુદ્વીપની પરિધિના યોજન જણાવો ?

**પ્રશ્ન - ૬ નીચે ના વાક્યો સાચા ( ✓ ) છે ખોટા ( ×) તે જણાવો** ૧૦

૧. નિર્દોષ કન્યાને સદોષ કહેવી તે કન્યાલીક છે.
૨. દાતણ ઉત્તર કે પૂર્વ દિશા સામે સ્થિર આસને કરવું જોઈએ.
૩. અગ્નિભૂતિ ૧૪ અંગના જાણકાર હતા.
૪. કાપડ માપવાના ગજ ખોટા રાખે તો મૃષાવાદ વિરમણ વ્રતનો ભંગ થાય છે.
૫. નાસિકામાંથી નિકળતો વાયુ ઉંચો ચડે તો અગ્નિતત્વ જાણવું.
૬. ગોળવસ્તુની પહોળાઈ તે તેનું ક્ષેત્રફળ કહેવાય.
૭. અદત્તાદાન સાત વ્યસનમાંથી એક છે.
૮. અજિતનાથ ભ. સરળતા, ક્ષમા, નિર્લોભતા અને સમાધિના ભંડાર છે.
૯. ઇન્દ્રભૂતિ, અગ્નિભૂતિ, કરતાં ચાર વર્ષ મોટા હતા.
૧૦. અશાશ્વત પદાર્થો સતત પરિવર્તન શીલ છે.

**પ્રશ્ન - ૭ નીચેનું વાક્ય ક્યા પાના પર છે તે પાના નંબર જણાવો.** ૧૦

૧. જાણીતા ઝાડનું તથા સારી ભૂમિમાં ઉત્પન્ન થયેલું હોવું જોઈએ.
૨. શાશ્વત પદાર્થોમાં ફેરફાર સંભવીત નથી.
૩. અનેકોને છેતરવા દ્વારા માયા-કપટથી પોતાના આત્માને જ ઠગીને દુર્ગતિ તરફ લઈ જાય છે.
૪. તે શાંતિ મુનિ / ભગવાન મને શાંતિ તથા સમાધિરૂપ વરદાન આપો.
૫. આ જીવન પણ આપણી ભવભ્રમણાને ઘટાડવાને બદલે વધારનારો જ સાબિત થશે.
૬. પોતાના પાપ અને દોષોનું ભાન થતાં એને તજવા માટે પુરૂષાર્થ કરે છે.
૭. સ્વર્ગની ઇચ્છાવાળાએ અગ્નિહોત્ર કરવું જોઈએ.
૮. જળ વડે જે ક્ષણવાર દેહદેશની શુદ્ધિનું કારણ છે તેને દ્રવ્યસ્નાન કહેવાય છે.
૯. વર્ગમૂળમાં પોતે પોતાની સંખ્યાથી ગુણાયેલો હોય છે.
૧૦. કેવળજ્ઞાનને શાસ્ત્રમાં શુદ્ધ, સકલ, અસાધારણ, અનંત, નિર્વ્યાઘાત, અને એક પણ કહેવામાં આવ્યું છે.

**પ્રશ્ન - ૮ તમારી ભાષા માં સમજાવો** ૧૫

૧. પાંચ પ્રકારના અસત્ય સમજાવો. ૨) અગ્નિભૂતિની શંકા અને પભુનું સમાધાન સંક્ષિપ્તમાં સમજાવો.
૩. શ્રી અજિતનાથ ભગવાનના જુદા - જુદા વિશેષણો સમજાવો.
૪. અનુગામી, હિયમાન અને અપ્રતિપાતી અવધિજ્ઞાન સમજાવો.
૫. ભાવસ્નાન શું છે ? એના ફાયદા જણાવો.

**જવાબ પત્ર નીચે ના સરનામે મોકલશોજી**
શત્રુંજય એકેડમી, શ્રી પદ્મપ્રભસ્વામી જૈન મંદિર, સ્ટેશન રોડ, ચાળીસગામ - ૪૨૪ ૧૦૧.
જી. જળગામ. મો. ૯૦૨૮૨૪૨૪૮૪